


# ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 276
Dt.: 17-06-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa







### ઈરાને કહ્યું- ઈઝરાયલે લેબેનૉન છોડવું પડશે

# ઈરાન-અમેરિકા શાંતિ કરારમાં ફરી ઘોંચમાં પડ્યાના સંકેત

## લેબેનૉનમાં ભયાનક હુમલા કરતા ઈરાન નારાજ થઈ ગયું છે: હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે, ઈરાને કરારમાં વધુ એક માંગ કરી દીધી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા-ઈરાન યુદ્ધ ટાળવા અને શાંતિ જાળવવા માટે તૈયાર થઈ ગયા છે અને બંને દેશો ૧૯મી જૂનના રોજ સ્વિત્ઝર્લેન્ડમાં સહી સિક્કા કરવાના છે, જોકે હવે ઈઝરાયલ દ્વારા લેબેનૉન પર હુમલા થવાના કારણે આ શાંતિ કરાર પાણી ફરી જવાની સંભાવના વધી ગઈ છે. વાસ્તવમાં ઈઝરાયલે તાજેતરમાં જ લેબેનૉનમાં ભયાનક હુમલા કરતા ઈરાન નારાજ થઈ ગયું છે. હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે, ઈરાને કરારમાં વધુ એક માંગ કરી દીધી છે.

ઈરાનના ટોચના રાજદ્વારીએ કહ્યું કે, જો અમેરિકાએ યુદ્ધ ખતમ માટેનો કરાર કરવો હોય તો પહેલા લેબેનૉનમાંથી ઈઝરાયલી સેનાને હટાવવી પડશે. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પણ ઈરાની સરકારી ટેલિવિઝન પર મહત્ત્વનું નિવેદન જાહેર કર્યું છે. તેમણે અન્ય દેશોના રાજદ્વારીઓને કહ્યું છે કે, ઈઝરાયલે દક્ષિણ લેબેનૉન પર કરેલો કબજો અમેરિકા-ઈરાન વચ્ચે થયેલી સમજૂતીનું ઉલ્લંઘન છે.

અરાઘચીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, લેબેનૉનમાં ચાલી રહેલું યુદ્ધ પણ સંપૂર્ણ યુદ્ધ ખતમ કરવાનો મહત્ત્વનો ભાગ છે, તેથી લેબેનૉનમાં પણ યુદ્ધ ખતમ કરવું પડશે. ઈઝરાયલી સેના યુદ્ધ કરીને લેબેનૉનના કેટલા વિસ્તારોમાં કબજો જમાવ્યો છે, તેથી જ્યાં સુધી આ વિસ્તારોમાંથી સેના નહીં હટે, ત્યાં સુધી યુદ્ધ સંપૂર્ણ ખતમ થઈ ગયું હોવાનું માનવમાં નહીં આવે.'

તેમણે એમ પણ કહ્યું કે, જો ઈઝરાયલ લેબેનૉન પર વધુ હુમલા કરશે તો તેને સમજૂતીનું ઉલ્લંઘન માનવામાં આવશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, લેબેનૉન સમજૂતીનો ભાગ છે કે નહીં, તે અમેરિકાએ હજુ સુધી કહ્યું નથી. બીજીતરફ ઈઝરાયલના વડાપ્રધાન બેન્ઝામિન નેતન્યાહૂ અમેરિકા-ઈરાનની સમજૂતીથી નારાજ છે. નેતન્યાહૂએ શાંતિ કરારને ટ્રમ્પનો નિર્ણય ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, ઈઝરાયલ પોતાની પ્રાથમિકતા મુજબ નિર્ણય લેશે અને તેઓ લેબેનૉનમાં બફર ઝોનમાં જ્યાં સુધી જરૂર જણાશે ત્યાં સુધી રહેશે.

### મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી ભૂકંપના સંકેત

# માતોશ્રીની મહત્ત્વની બેઠક અને સાંસદોની ગેરહાજરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (ઉદ્ધવ જૂથ)ના સાંસદો પક્ષ બદલશે તેવી અટકળો વચ્ચે એક ચોંકાવનારી વિગત સામે આવી છે. ઉદ્ધવ જૂથના એક સાંસદ અને એકનાથ શિંદે જૂથના કેન્દ્રીય મંત્રી વચ્ચે દિલ્હીમાં થયેલી મુલાકાતે રાજકીય ગરમાવો વધારી દીધો છે. અહેવાલો અનુસાર, તાજેતરમાં જ પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે દ્વારા મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતે સાંસદોની એક મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરે સેના પાસે હાલમાં લોકસભાના કુલ ૯ સાંસદો છે. જોકે, આ બેઠકમાં માત્ર ૪ સાંસદો જ રૂબરૂ હાજર રહ્યા હતા. જ્યારે બાકીના ૫ સાંસદો વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હોવાનો દાવો પાર્ટી દ્વારા કરવામાં આવ્યો હતો. આ આંકડાએ પક્ષમાં બધું બરાબર ન હોવાની ચર્ચાઓને વેગ આપ્યો છે. યવતમાલ-વાશિમ બેઠકના ઉદ્ધવ જૂથના સાંસદ સંજય દેશમુખ માતોશ્રીની બેઠકમાં રૂબરૂ જવાને બદલે દિલ્હી પહોંચ્યા હતા. તેમણે દિલ્હીમાં શિંદે સેનાના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી પ્રતાપ જાધવ સાથે મુલાકાત કરી હતી. સંજય દેશમુખે માતોશ્રીની બેઠકમાં દિલ્હીથી જ ઓનલાઈન હાજરી આપી હતી.

આ મુલાકાત અંગે કેન્દ્રીય મંત્રી પ્રતાપ જાધવે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, 'સંજય દેશમુખ યવતમાળ જિલ્લામાં એક શૈક્ષણિક સંસ્થા ધરાવે છે. તેમને સંસ્થાના કામકાજ અંગે થોડી માહિતી જોઈતી હતી. હું દિલ્હીમાં હોવાથી તેઓ સવારે અહીં આવ્યા હતા. અમે સાથે ચા પીધી અને સામાન્ય વાતચીત કરી હતી.' જાધવે આને એક નિયમિત અને બિન-રાજકીય મુલાકાત ગણાવી હતી. રાજકીય વર્તુળોમાં વહેતી થયેલી ચર્ચાઓ મુજબ, ઉદ્ધવ ઠાકરે સેનાના ૯ માંથી ૭ સાંસદો શિંદે જૂથના સંપર્કમાં છે અને તેઓ ટૂંક સમયમાં પક્ષ બદલી શકે છે. જોકે, આ અટકળોને ઉદ્ધવ જૂથના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સખત શબ્દોમાં નકારી કાઢી છે. રાઉતે આ તમામ ચર્ચાઓને માત્ર 'અફવા' ગણાવીને ઉમેર્યું હતું કે પક્ષના વડા તમામ સાંસદો સાથે સતત સંપર્કમાં છે.મહારાષ્ટ્રના રાજકીય નિષ્ણાતોના મતે, જો ઉદ્ધવ જૂથના સાંસદોએ ગેરલાયક ઠરવામાંથી બચવું હોય, તો પક્ષપલટા વિરોધી કાયદા મુજબ કુલ ૯ માંથી ઓછામાં ઓછા ૬ સાંસદોએ એકસાથે અલગ થવું પડે. આ શરત પૂરી કર્યા પછી જ તેઓ કાયદાકીય રીતે બીજા કોઈ પક્ષમાં ભળી શકે તેમ છે. હાલ પૂરતું તો કોઈ સાંસદે સત્તાવાર રીતે પક્ષ બદલવાની જાહેરાત કરી નથી, પરંતુ દિલ્હીમાં થયેલી આ 'ચા-પાણી'ની મુલાકાતે મહારાષ્ટ્રના રાજકારણમાં આગામી દિવસોમાં મોટો ગરમાવો લાવી દીધો છે.

# મમતા બેનરજીએ ભવાનીપુરના પરાજયને કોર્ટમાં પડકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)પ.બંગાળ

પશ્ચિમ બંગાળના રાજકારણમાં ફરી એકવાર ભવાનીપુર વિધાનસભા બેઠક ચર્ચાના કેન્દ્રમાં આવી છે. પશ્ચિમ બંગાળની પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભવાનીપુર વિધાનસભા ચૂંટણીના પરિણામને કોલકાતા હાઈકોર્ટમાં પડકાર્યો છે. મંગળવારે બપોરે મમતા બેનર્જી અચાનક કોલકાતા હાઈકોર્ટ પહોંચી. તેમની સાથે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયન, ડોલા સેના અને કલ્યાણ બેનર્જી પણ હાજર રહ્યા હતા.

અહેવાલો મુજબ મમતા બેનર્જી ચૂંટણી પરિણામ સામે દાખલ કરવામાં આવેલી અરજીના દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવા માટે કોર્ટ પહોંચી હતી. ભવાનીપુર બેઠક પર મમતા બેનર્જી અને શુભેન્દુ અધિકારી વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી. આ ચૂંટણીમાં શુભેન્દુ અધિકારીએ જીત મેળવી હતી, જ્યારે મમતા બેનર્જીને પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

ચૂંટણીના અંતિમ પરિણામ મુજબ શુભેન્દુ અધિકારીને ૭૩,૯૧૭ મત મળ્યા હતા, જ્યારે મમતા બેનર્જીને ૫૮,૮૧૨ મત મળ્યા હતા. આ રીતે શુભેન્દુ અધિકારીએ ૧૫,૧૦૪ મતના અંતરથી જીત નોંધાવી હતી. ત્રીજા સ્થાને રહેલા સીપીઆઈ(એમ)ના ઉમેદવાર શ્રીજીબ વિશ્વાસને ૩,૫૫૬ મત મળ્યા હતા. મતગણતરી દરમિયાન શરૂઆતના ૧૬થી ૧૭ રાઉન્ડ સુધી મમતા બેનર્જી આગળ ચાલી રહી હતી. જોકે, ત્યારબાદ બંને ઉમેદવારો વચ્ચેનો મતફેર ધીમે ધીમે ઘટતો ગયો. મતગણતરીના અંતિમ તબક્કામાં શુભેન્દુ અધિકારીએ નોંધપાત્ર લીડ મેળવી અને આખરે વિજય હાંસલ કર્યો. ભવાનીપુર બેઠકની મતગણતરી દરમિયાન રાજકીય તણાવ અને હંગામાની ઘટનાઓ પણ સામે આવી હતી.






### સરકારનો મોટો નિર્ણય

# ડીઝલ અને ATF પર એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો ઝીંકાયો

## પેટ્રોલિયમ ઉત્પાદનો પર લાગતા આ ટેક્સ રેટ્સ કાયમી હોતા નથી, પરંતુ દર ૧૫ દિવસે તેની કડક સમીક્ષા કરવામાં આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલિયમ ઉત્પાદનોના નિકાસ પર લેવાતા ટેક્સ (એક્સપોર્ટ ડ્યુટી)માં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF એટલે કે વિમાનમાં વપરાતું ઈંધણ) પર લાગતી એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. આ નવીનતમ ફેરફાર આજથી એટલે કે 16 જૂન 2026થી જ અમલી બની ગયો છે.સરકારના નવા નિર્ણય અનુસાર, હવેથી ડીઝલની નિકાસ પર પ્રતિ લિટર 14 રૂપિયા સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) વસૂલવામાં આવશે. આ સાથે જ, વિમાન ઈંધણ એટલે કે ATFની નિકાસ પર પ્રતિ લિટર 12.5 રૂપિયા SAED ચૂકવવી પડશે. જો કે, પેટ્રોલની નિકાસ પરના ટેક્સમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. પેટ્રોલનો એક્સપોર્ટ રેટ પહેલાની જેમ જ પ્રતિ લિટર 1.5 રૂપિયા યથાવત રાખવામાં આવ્યો છે.આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે સૌથી પહેલા 27 માર્ચ, 2026ના રોજ આ નિકાસ શુલ્ક લાગુ કર્યું હતું. વાસ્તવમાં, પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા)માં ચાલી રહેલી કટોકટીના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની માંગ તેમજ કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો હતો. આવી સ્થિતિમાં રિફાઈનરી કંપનીઓ માટે સ્થાનિક બજારમાં ઈંધણ વેચવા કરતાં વિદેશમાં નિકાસ કરવું વધુ નફાકારક સાબિત થઈ રહ્યું હતું. આથી, રિફાઈનરી કંપનીઓ નફાની લાલચમાં માત્ર નિકાસને જ પ્રાથમિકતા ન આપે અને દેશની અંદર પેટ્રોલ, ડીઝલ કે ATFની અછત ઊભી ન થાય તે હેતુથી સરકારે આ પ્રતિબંધાત્મક પગલું ભર્યું છે.પેટ્રોલિયમ ઉત્પાદનો પર લાગતા આ ટેક્સ રેટ્સ કાયમી હોતા નથી, પરંતુ દર 15 દિવસે તેની કડક સમીક્ષા કરવામાં આવે છે.

આ વખતે જાહેર કરાયેલા નવા રેટ્સ પણ છેલ્લા પખવાડિયા દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના સરેરાશ ભાવોને આધારે નક્કી કરવામાં આવ્યા છે. આ પૂર્વે છેલ્લે 1 જૂન, 2026ના રોજ આ રેટ્સમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી સામાન્ય નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે આ ફેરફાર માત્ર વિદેશમાં મોકલવામાં આવતા (નિકાસ થતા) ઈંધણ પર જ લાગુ પડે છે. દેશના ઘરેલું બજારમાં વેચાતા પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. આનો અર્થ એ થાય કે તમારા શહેરના પેટ્રોલ પંપ પર મળતા ઈંધણના ભાવો પર આ નિર્ણયની કોઈ જ અસર નહીં થાય અને કિંમતો સ્થિર રહેશે.

# તંત્રી લેખ......

## ફ્રાન્સમાં ભારત-અમેરિકાના સંબંધો નવો વળાંક લેશે

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા જી-૭ માં ભાગીદાર દેશ તરીકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ ભારતની વધતી જતી વૈશ્વિક પ્રતિષ્ઠાનો પુરાવો છે. ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં જી-૭ શિખર સંમેલનમાં મોદીના આગમન પહેલાં જ દુનિયામાં એક મોટો રાજદ્વારી ઉલટફેર જોવા મળ્યો છે.

અમેરિકા અને ઈરાન ૧૪ જૂને યુદ્ધવિરામ કરાર પર સંમત થયા હતા, જેના પર ૧૯ જૂને હસ્તાક્ષર કરવામાં આવશે. આ કરાર હોર્મુઝ સ્ટ્રેટને અવરોધ વિના ખોલવા, અમેરિકા દ્વારા નાકાબંધી હટાવવા અને પરમાણુ વાટાઘાટો માટે સાઠ દિવસનું માળખું સ્થાપિત કરવાની ખાતરી કરશે. આ કરારથી મોદી-ટ્રમ્પની સંભવિત બેઠકનો સમગ્ર સંદર્ભ બદલાઈ ગયો છે, અને શક્ય છે કે ભારતના તીક્ષ્ણ પ્રશ્નો ઢંકાઈ જશે.

આવો જ એક મુદ્દો યુએસ નૌકાદળના નાકાબંધી દરમિયાન માર્યા ગયેલા ત્રણ ખલાસીઓના મૃત્યુનો છે. વિદેશ મંત્રાલયે આ મુદ્દાને સંબોધવા માટે એક યુએસ રાજદ્વારીને બોલાવ્યા. વિદેશ પ્રધાન એસ. જયશંકરે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ રુબિયોને કહ્યું કે હુમલો "અયોગ્ય" હતો. આ વિરોધ માન્ય હતો, પરંતુ અહીં એક અલગ વિડંબના છેઃ આ લોકોના જીવ લેનાર લશ્કરી કાર્યવાહીને યુએસ દ્વારા રાજદ્વારી રીતે પાછી ખેંચી લેવામાં આવી હતી.

આ મૃત્યુ યુએસના દાવપેચનું પરિણામ હતું જેને પાછળથી ઉલટાવી દેવામાં આવ્યું. મોદીને કોઈપણ રાજદ્વારી મુશ્કેલી વિના એવિયનમાં થયેલા આ મૃત્યુ માટે જવાબદારીની માંગણી કરવી પડશે.

અમેરિકા-ઈરાન કરારને ધ્યાનમાં લેતા, આ ભારત માટે એક મોટી રાહત છે. હોર્મુઝ સ્ટ્રેટ ભારતીય અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે. ભારતની લગભગ ૪૦% ક્રૂડ ઓઈલ આયાત આ માર્ગ દ્વારા થાય છે. ગેસ પુરવઠો પણ મોટા પ્રમાણમાં આ માર્ગ દ્વારા વહે છે. નાકાબંધીથી માત્ર પુરવઠો જ નહીં પરંતુ પરિવહન ખર્ચમાં પણ વધારો થયો. પુરવઠા શૃંખલામાં વિક્ષેપને કારણે ફુગાવાનું દબાણ વધ્યું. સ્વાભાવિક રીતે, આ જળમાર્ગ ખુલવાથી ભારત માટે સારા સમાચાર છે. જો કે, આ સારા સમાચાર વચ્ચે, ખલાસીઓના મૃત્યુના મુદ્દાને અવગણી શકાય નહીં. પરિપક્વ વિદેશ નીતિ માટે કરારનું સ્વાગત કરવાની જરૂર છે જ્યારે ખલાસીઓના મૃત્યુ માટે જવાબદારીની માંગ પણ કરવી પડશે. આ બે મુદ્દાઓ વિરોધાભાસી નથી.

એવિયનમાં મોદી-ટ્રમ્પની સંભવિત બેઠક અંગે, ગયા વર્ષે વ્હાઈટ હાઉસમાં તેમની મુલાકાત પછી આ તેમની પ્રથમ દ્વિપક્ષીય બેઠક હશે. મોદીની યુએસ મુલાકાતથી નક્કર પરિણામો આવ્યા. તેણે લશ્કરી ભાગીદારી, ટેકનોલોજી ટ્રાન્સફર અને વાણિજ્યિક ક્ષેત્રોમાં સંયુક્ત પહેલ શરૂ કરી. સેમિકન્ડક્ટર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને સ્પેસ ટેકનોલોજીમાં સહયોગ માટે એક માળખું સ્થાપિત કરવામાં આવ્યું, દ્વિપક્ષીય વેપારમાં ૫૦૦ બિલિયનનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો, અને મુંબઈ હુમલાના શંકાસ્પદ તહવ્વુર રાણાને પ્રત્યાર્પણ કરવામાં આવ્યો. આ હોવા છતાં, વેપાર પરિસ્થિતિ જટિલ રહે છે. ફેબ્રુઆરીમાં એક વચગાળાના કરાર માટે એક માળખું બન્યું, જેમાં ટેરિફ ૨૫ થી ૧૮ ટકા ઘટાડીને કરવામાં આવ્યો, પરંતુ અંતિમ પરિણામ હજુ પણ અસ્પષ્ટ છે. નવા શ્રમ ઉલ્લંઘનના આરોપો પર સુનાવણી જુલાઈમાં યોજાશે. ભારતીય ટેકનોલોજી વ્યાવસાયિકો માટે એચ-૧બી વિઝા કટોકટી ચાલુ છે, જે ૮૦૦,૦૦૦ ભારતીય વ્યાવસાયિકોને અસર કરે છે. આ વ્યાવસાયિકો અમેરિકન ટેક અર્થતંત્રની કરોડરજ્જુ છે. જયશંકરે આ મુદ્દો સીધો ઉઠાવ્યો તે સારું છે, અને તેમણે આમ કરવાનું ચાલુ રાખવું જોઈએ. સંબંધોની વ્યાપક સ્થિતિને જોતા, મે મહિનામાં નવી દિલ્હીમાં ક્વાડ મીટિંગમાં એક નવું ઈન્ડો-પેસિફિક મેરીટાઈમ સર્વેલન્સ માળખું, મહત્વપૂર્ણ ખનિજો પર દ્વિપક્ષીય કરાર અને ૨૦ બિલિયન સપ્લાય ચેઈનને મજબૂત કરવાની પ્રતિબદ્ધતા સ્થાપિત કરવામાં આવી, જે દુર્લભ પૃથ્વી ખનિજો પર ચીનના વર્ચસ્વનો પ્રતિભાવ છે. સંરક્ષણ સહયોગ હવે જૂના ખરીદનાર-વેચાણ માળખાથી આગળ વધીને સહ-વિકાસ અને સહ-ઉત્પાદન તરફ આગળ વધી રહ્યો છે.

## અમારા મૃતદેહો પર વિકાસ કરશો તો થશે સર્વનાશઃ ખેડુતનો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ઓપન લેટર

પ્રતિનિધિ,ગાંધીનગર

ઓપન લેટર,
પ્રિય ભુપેન્દ્રભાઈ પટેલ,
તમે કુશળ હશો,

અહીંયા આપને પ્રિય તરીકે સંબોધન કરૂ છું તે માત્ર શબ્દ નથી, ખરા અર્થમાં સામાન્ય માણસને પણ તમે પ્રિય લાગો તેવી સાલ સત્તા તમારામાં છે, આજે ભારે હૃદય થી આપને પત્ર લખી રહ્યો છું, કે અમને જગતના તાત તરીકે સંબોધવામાં આવે છે, પરંતુ તમે કયારેય સાંભળ્યુ કે જગતનો તાત દુઃખી, પીડીત અને લાચાર હોય ? કાગળ ઉપર તમે જગતના તાતની સ્થિતિમાં રંગો ભરી દીધા છે. પરંતુ વાસ્તવમાં ખેડુતની સ્થિતિ દિવસે ને દિવસે બે રંગ અને બદતર થઈ રહી છે. આપ પોતે પણ એક ખેડુત છો, એટલે અમારી સ્થિતિની સ્વાનુભુતિ પણ કરી શકતા હશો, તમને ખબર છે કે અમારી સ્થિતિ આજે દયનીય હોવા છતાં જયારે પણ ચુંટણી આવે છે ત્યારે અમે આંખો બંધ કરી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જોઈ તમારા પક્ષને મત આપ્યો છે.



અમે બંધ આંખોએ એક સ્વપ્ન જોયુ હતુ કે , તમારી સરકાર અમારી જીદંગી અને અમારા ઘરમાં રહેલા એક નાનકડા દિવામાં તેલ પુરવાનુ કામ કરશે, પરંતુ દુઃખ અને વેદના સાથે કહેવુ પડે છે કે તમે અમારા દિવામાં રહેલુ થોડુ તેલ પણ છીનવાઈ જાય તેવી સ્થિતિ નિર્માણ કરી છે, કયારેક અમને કુદરત મારે છે, તો કયારેક સરકારી બાબુ, કે પછી કયારેક કોઈ કંપની અમારૂ ગળુ રહેંશી નાંખે છે. આજે અમારી સ્થિતિ એવી નિર્માણ થઈ છે કે ખેડુત હોવુ એ ગુન્હો હોય, તે રીતે તમારી પોલીસ અને સરકારી અધિકારીઓ અમારી સાથે વ્યવહાર કરે છે. જયારે તમે ગુજરાતના મુખ્યમંત્રી છો ત્યારે તમને એક વિનંતી કરવાની કે તમે અમને માત્ર એક ખેડુત અને એક માણસ તરીકે જુઓ. કોઈક દિવસ અમારા માટે રાજુ કરપડા કે કોઈક દિવસ પાલ આંબલીયા અને કોઈક દિવસ પ્રવિણ રામ અમારો અવાજ બને ત્યારે અમે તેમના થઈ જતા નથી પણ, અમારી કમનસીબી એવી છે કે જે કોઈ અમારો અવાજ બની અમારો અવાજ ગાંધીનગર સુધી પહોચાડે તે કાં તો તમારો થઈ જાય છે, કે પછી તે જેલમાં જાય છે.

માની લઈએ તમારી વાત કે, કોંગ્રેસે અમારી જીંદગી, અમારી ખેતી બરબાદ કરી નાંખી, તો સવાલ એવો છે કે છેલ્લા ૩૦ વરસથી શાસનમાં તમે છો તો અમારી સ્થિતિ વધુ ખરાબ કેમ થઈ છે ? કયારેક કુદરત અતિવૃષ્ટી કરે છે, કયારેક વરસાદ નબળો થાય છે, અમારા ખેતરોમાં પાકેલો મોલ લઈને અમે કલાકો સુધી કતારમાં અમારા મોલનો ભાવ મળે તેની અપેક્ષાએ ઉભા રહીએ છીએ. પરંતુ અમારા મોલની પડતર કિંમત પણ નિકળતી નથી. દર વરસે આકાશ તરફ મીટ માંડીએ છીએ કે આવનારૂ વરસ સારૂ તો થશે, પણ પેઢીઓ બદલાતી જાય છે અને અમારા ખેતરો સાંકડા થતા જાય છે. વિકાસ કરો, તેની ના નથી, પણ અમારા મૃતદેહો ઉપર વિકાસ કરશો તો સર્વનાશ થશે. અમારી સ્થિતિ બેજુબા જાનવર જેવી થતી જાય છે. અમારા અવાજને તમે સાંભળતા નથી પણ અમારા નિશાશા તમને બરબાદ કરશે તેનો ડર લાગે છે.

તમે મૃદુ રહો, તમે મક્કમ રહો, પણ તમે અમારા માટે બોલો, અમારે લડવુ પડે તો દિલ્હી સાથે લડો, કારણ સત્તા આવે છે અને જાય છે, પણ કુદરતના દરબારમાં જયારે તમને પુછાશે સવાલ કે જગતનો તાત તમારા શાસનમાં કેમ હતો દુઃખી ? ત્યારે શું જવાબ આપશો ? કરોડો અને અબજોમાં રમાતી ખાનગી કંપનીઓ ભલે હજુ માલેતુજાર થાય તેનો કયાં છે વાંધો ? સવાલ અહીં એવો છે કે ત્રસ્ત થયેલો કોઈ ખેડુત બધે થી જ હારીને જીવન હારી જશે, તો શું કરીશું, આ ગાંધીનગર ની સલ્તનત ની જાહોજલાલીનુ ? તમે બોલો, કાંઈક કરો, બસ આટલી જ વિનંતી સાથે વિરમુ છું.

જય કિસાન, જય ભારત
આપના ગુજરાતનો ખેડુત

## ગુજરાત રાજયની ગ્રાન્ટેડ હાઈસ્કુલોમાં વર્ગ વધારા માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂઃ ૧૫ જુલાઈ સુધી શાળાઓએ અરજી કરવાની રહેશેઃ ૩૦ જુલાઈ સુધી ડીઈઓ સબમીટ કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની વર્ગ વધારાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જુન ૨૦૨૬ થી શાળાઓમાં ધોરણ ૯ અને ૧૦ ના વર્ગ વધારા તેમજ ધોરણ ૧૧ અને ૧૨ ના વર્ગ વધારા તથા ક્રમિક વર્ગ વધારાની મંજુરી મેળવવા માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

કમિશ્નર ઓફ સ્કુલની કચેરી દ્વારા શાળાઓને ઓનલાઈન પોર્ટલ ના માધ્યમથી ૧૫ જુલાઈ સુધીમાં વર્ગ વધારા અને ક્રમિક વર્ગ વધારાની મંજુરી માટેની અરજી કરવાની મુદત અપાઈ છે. શાળાઓ દ્વારા અરજી કર્યા બાદ ડીઈઓ દ્વારા ચકાસણી સહિતની કાર્યવાહી પૂર્ણ કરી ૩૦ જુલાઈ સુધીમાં રીમાર્ક સાથે ઓનલાઈન સબમીટ કરવાની રહેશે. વર્ગ વધારા અને ક્રમિક વર્ગ વધારાને લઈને કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત અનુસાર વર્ગ વધારાની મંજુરી મેળવવા ઈચ્છતી ગ્રાન્ટેડ શાળાઓએ સત્તાવાર લીક પર જઈને ઓનલાઈન ફોર્મ ભરવાનુ રહેશે. જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી પોર્ટલ પર ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫ જુલાઈ ૨૦૨૬ નકકી કરવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ અરજી માત્રને માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે, જો કોઈ શાળા હાર્ડ કોપીમાં દરખાસ્ત મોકલશે અથવા સમય મર્યાદા પુરી થયા બાદ અરજી કરશે તો તેવી કોઈપણ રજુઆતને ધ્યાને લેવામાં આવશે નહી. અરજી કરવા સંબંધિત તમામ જરૂરી સુચનાઓ સત્તાવાર પોર્ટલ પર મુકવામાં આવી છે. શાળાઓએ ફોર્મ ભરતી વખતે તમામ આનુષંગીક આધાર પુરાવાઓ સ્કેન કરીને સ્પષ્ટ દેખાય તે રીતે અપલોડ કરવાના રહેશે. શિક્ષણ વિભાગે કડક વલણ અપનાવતા જણાવ્યુ છે કે જે શાળાઓની અરજીઓ અધુરી વિગતો વાળી હશે અથવા જેમના આધાર પુરાવાઓ અસ્પષ્ટ હશે તેવી તમામ અરજીઓને કોઈપણ પૂર્વ સુચના વગર દફતરે એટલે કે રદ કરવામાં આવશે, ઓનલાઈન મળેલી અરજીઓ સંદર્ભે આગળની ચકાસણી માટે પણ સમયમર્યાદા નકકી કરવામાં આવી છે. જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણ અધિકારીઓના એકાઉન્ટમાં મળેલી પોતાના જિલ્લાની શાળાઓની અરજીઓની ચકાસણી કરવાની રહેશે. જિલ્લા શિક્ષણ અધિકારીઓએ ઠરાવની જોગવાઈ મુજબ સ્થળતપાસની તમામ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરીને, આગામી ૩૦ જુલાઈ સુધીમાં કમિશ્નર શાળાઓની કચેરીના એકાઉન્ટમાં જરૂરી રીમાર્કસ સાથે ઓનલાઈન સબમીટ કરવાની રહેશે.




## પોલીસનું ઓપરેશન 'ચાઈલ્ડહુડ ફ્રીડમ': ૧૪ દિવસમાં ૮૪ બાળમજૂરોને મુક્ત કરાવ્યાં, ૨૬ લોકો સામે કેસો નોંધ્યાં

**"અમારુ આ અભિયાન માત્ર રેડ પાડવા પુરતુ સીમિત નથી, પરંતુ મુક્ત કરાયેલા બાળકોનું પુનવર્સન કરવામાં આવી રહ્યું છે અને તેમને નવી જિંદગી મળે તેની વ્યવસ્થા કરવામાં આવી રહી છેઃ ડીજીપી શ્રી જી. એસ. મલિક**

ઉદ્યોગો અને કારખાનાઓમાં બાળમજૂરો રાખી તેમનું શોષણ કરતા લોકો સામે ગુજરાત પોલીસે રાજયવ્યાપી "ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ" હાથ ધર્યુ છે.

આ અભિયાનનાં પ્રથમ ૧૪ દિવસમાં જ સમગ્ર રાજયમાંથી ૮૪ બાળકમજૂરોને મુક્ત કરવામાં આવ્યાં છે તેમને મજૂરીએ રાખી ગુનો આચરતા લોકો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. કુલ ૨૬ આરોપીઓ સામે ૧૬ કેસો કરવામાં આવ્યા છે.

આ અભિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનાં નેતૃત્વમાં હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ છે "દરેક બાળક શાળામાં હોવું જોઈએ, કોઈપણ બાળક મજુરી કરતું ન હોવું જોઈએ."

આ અભિયાન અંતર્ગત, પોલીસ દ્વારા સમગ્ર રાજયમાં ઔદ્યોગિક વિસ્તારો, વેપાર સંસ્થાઓ અને બાળ મજુરો રાખતા હોય તેવા એકમો પર દરોડા પાડવામાં આવે છે અને જયાં બાળમજૂરો મળે છે ત્યાંથી તેમને મુક્ત કરી આરોપીઓ સામે ગુના દાખલ કરવામાં આવે છે.

**બાળકોને શોષણમાંથી મુક્ત કરાવ્યાંઃ નવી જિંદગીની શરૂઆત**

થોડા દિવસ પહેલા, સુરત શહેરનાં કામરેજ પોલીસ સ્ટેશનનાં અધિકારીઓને મળેલી બાતમીનાં આધારે જય અંબે ટેક્સટાઈલ્સ નામના કારખાનામાં દરોડા પાડ્યા. પોલીસે અહીંથી બે બાળકોને મુક્ત કરાવ્યા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, કારખાનાનો માલિક આ બાળકોને રોજ માત્ર રૂ.૨૦૦ જેટલું વેતન આપતો હતો. એટલુ જ નહીં, જો બાળકો કામ કરવાની ના પાડે, તો તેમની સાથે બળજબરી કરતો હતો.

આ બાળકો પાસે સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા કામ કરાવવામાં આવતુ. માત્ર એક કલાકનો જ જમવાનો વિરામ આપવામાં આવતો. બાળકોને શારીરિક, માનસિક અને આર્થિક શોષણ સહન કરવું પડતું હતું. પોલીસે આ માસુમ બાળકોનું રેસક્યૂ કરીને તેમનું પુનર્વસન કર્યુ. આ બાળકો ફરીથી શાળાએ જાય તે માટે વ્યવસ્થા કરી. માસુમ બાળકોને મજુરીએ રાખનાર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો.

**મુક્તિથી પુનર્વસન સુધીની પ્રક્રિયા**

રાજ્ય પોલીસ વડા (ડીજીપી) શ્રી જી.એસ મલિકે જણાવ્યું કે, આ અભિયાન માત્ર રેડ પાડવા પુરતુ સીમિત નથી. પરંતુ મુક્ત કરવામાં આવેલા બાળકોનું પુનર્વસન કરવામાં આવી રહ્યું છે અને ભવિષ્યમાં તેમને નવી જિંદગી મળે તેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

શ્રી જી.એસ. મલિકે વધુમાં જણાવ્યું કે, "ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ હેઠળ અત્યાર સુધી ૮૪ બાળમજૂરોને મુક્ત (રેસ્ક્યૂ) કરવામાં આવ્યા છે. ૧૬ ગુનાઓ દાખલ કરી ૨૬ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. સાથે જ ૬૭ બાળકોનું પુનર્વસન કરવામાં આવ્યું છે.રાજ્યભરમાં ૧૬૦ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે."

**બાળ મજુરો રાખતા ઔદ્યોગિક એકમો પર નજર**

ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ(મહિલા સેલ)ના અધિક પોલીસ મહાનિર્દેશક (ADGP) શ્રી અજય ચૌધરીએ જણાવ્યું કે, બાળમજૂરીના કિસ્સાઓ ટેક્સટાઈલ યુનિટો, હોટેલો, રાઈસ મિલો અને નાના ઉદ્યોગોમાંથી મળી રહ્યાં છે. મજુરીમાંથી મુક્ત કરવામાં આવેલા ઘણા બાળકો બિહાર અને રાજસ્થાનથી લાવવામાં આવ્યા છે. પોલાસ આવા કિસ્સાઓમાં સંભવિત ચાઈલ્ડ ટ્રાફિકિંગનાં એન્ગલને પણ તપાસ કરી રહી છે.

માત્ર બાળ મજુરો રાખનારા નહીં પણ સમગ્ર નેટવર્ક સામે પણ કાર્યવાહી

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, આ અભિયાન હેઠળ બાળ મજુરો રાખનારા એકમો કે લોકોની સાથે સાથે બાળમજૂરી માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો અને સપ્લાય ચેઈન નેટવર્કને તોડી પાડવા પર ધ્યાન આપવામાં આવશે.

**બાળમજૂરી પાછળનાં મૂળ કારણો પર ફોકસ**

પ્રાથમિક વિશ્લેષણ મુજબ બાળમજૂરી પાછળ ગરીબી અને સ્થળાંતર જેવી બાબતો જવાબદાર છે. બાળ મજુરો સસ્તા પણ પડે છે. બાળમજૂરી અટકાવવા માટે પોલીસ શ્રમ વિભાગ, બાળ કલ્યાણ સમિતિ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન કરશે અને આ દૂષણને નાબુદ કરવા કામ કરશે.

**વ્યાપક સ્તરે રેસ્ક્યૂ અભિયાન**

આ અભિયાન હેઠળ ગુજરાત પોલીસ ૫૦,૦૦૦થી વધુ સ્થળોની તપાસ કરશે અને ૫,૦૦૦થી વધુ બાળમજૂરોને મુક્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. બાળ મજુરો રાખતા વેપારીઓ અને ફેક્ટરી માલિકોને બાળમજૂરી કાયદા અને શિક્ષણના મહત્વ વિશે જાગૃત કરવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## હવે ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વગર નહી મળે કફ સીરપઃ આરોગ્ય વિભાગે લીધો મહત્વનો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતમાં કફ સીરપના વધતા જતા ગેરકાયદેસર વેચાણ અને તેના કારણે થતા ગંભીર સ્વાસ્થ્ય જોખમોને રોકવા માટે કેન્દ્રીય આરોગ્ય અને પરીવાર મંત્રાલયે એક મહત્વપૂર્ણ કડક નિર્ણય લીધો છે.

હવેથી કોઈપણ પ્રકારનુ કફ સીરપ ડોકટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના મેડીકલ સ્ટોર્સ પર ઉપલબ્ધ રહેશે નહી, સરકારના આ પગલાનો મુખ્ય ઉદેશ બાળકોની સલામતી સુનિશ્ચિત કરવાનો અને દવાઓના દુરુપયોગને અટકાવવાનો છે. કેન્દ્રીય મંત્રાલયે ડ્રગ્સ નિયમો ૨૦૦૬ બહાર પાડયા છે. આ સુધારા અંતર્ગત શેડયુલ કે માં થી સીરપ શબ્દને દુર કરવામાં આવ્યો છે. જેનો સ્પષ્ટ અર્થ એ છે કે હવે કોઈપણ સીરપ ઓવર-ધ-કાઉન્ટર (ઓટીસી) વેચી શકાશે નહી, જો કોઈ મેડીકલ સ્ટોર્સ સંચાલક પ્રિસ્ક્રિપ્શન વગર સીરપ નુ વેચાણ કરતા પકડાશે તો તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને તેમનુ લાયસન્સ પણ રદ કરી દેવામાં આવશે.



તાજેતરના સમયમાં મધ્ય પ્રદેશ અને રાજસ્થાન જેવા રાજયોમાં કફ સીરપના સેવનથી બાળકોના મૃત્યુના દુઃખદ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આ ઘટનાઓએ સમગ્ર દેશમાં ચિંતા જગાવી હતી, આરોગ્ય સચીવ પુણ્ય સલીલા શ્રીવાસ્તવના નેતૃત્વમાં દેશભરના ૨૦૦ થી વધુ આરોગ્ય અધિકારીઓની એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યુ હતુ કે દવાઓની ગુણવત્તા અને વેચાણમાં કોઈપણ સ્તરે બેદરકારી સહન કરવામાં આવશે નહી, આગામી દિવસોમાં દેશભરની ફાર્માસ્યુટીકલ ફેકટરીઓ અને દવાના સ્ટોર્સનુ સઘન નિરીક્ષણ કરવામાં આવશે, સરકાર દરેક સ્તરે જવાબદારી નકકી કરી રહી છે. જેથી ભેળસેળ યુકત કે અનધિકૃત દવાઓ બજાર સુધી ન પહોંચે, આ નવા આદેશ બાદ તમામ રાજયોના આરોગ્ય વિભાગોને કડક સુચનાઓ આપવામાં આવી છે કે તેઓ તેમના વિસ્તારમાં આ નિયમોનુ ચુસ્તપણે પાલન કરાવે, આ નિર્ણય થી સામાન્ય નાગરીકોને થોડી અગવડતા પડી શકે છે. પરંતુ જાહેર આરોગ્યના હિતમાં અને ખાસ કરીને બાળકોના જીવ બચાવવા માટે આ એક અનિવાર્ય પગલુ માનવામાં આવે છે. આરોગ્ય મંત્રાલય દ્વારા લેવાયેલુ આ પગલુ દવાના વ્યવસાયમાં પારદર્શિતા લાવવાની દિશામાં એક મોટુ પરીવર્તન સાબિત થશે. હવે લોકોએ દવા ખરીદતા પહેલા ડોકટરની સલાહ લેવી અનિવાર્ય બની જશે, જે સુરક્ષિત આરોગ્ય માટે અત્યંત જરૂરી છે.

## અંબાલાલ પટેલની આગાહી : અલનીનો વચ્ચે પણ ગુજરાતમાં ૨૨ જુન થી જામશે ચોમાસુ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહેલા લોકો અને ખેડુતો માટે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે એક રાહત આપનારી આગાહી કરી છે. હાલમાં અલનીનો અસર અને એક પછી એક આવી રહેલા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના કારણે ચોમાસુ અટકી પડયુ છે અને આગળ વધી શકયુ નથી, પરંતુ અંબાલાલ પટેલની આગાહી મુજબ નિરાશ થવાની જરૂર નથી, ૨૨ જુન થી ચોમાસુ ફરીથી સક્રિય થવા જઈ રહ્યુ છે અને જુલાઈ મહિનામાં વરસાદનુ એક જોરદાર વેવ આવશે, જે આખા ચોમાસાને સધ્ધર કરી દેશે. અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર અત્યારે ગંગા અને યમુનાના મેદાનો જોઈએ તેટલા તપ્યા નથી, જેના કારણે વરસાદ લાવે તેવી સિસ્ટમ બની શકી નથી, ઉપરથી ૧૮ જુને હજુ એક નવુ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ આવવાની શકયતા છે. જો કે ૧૮ થી ૨૦ જુન સુધીમાં આકાશમાં વાદળોનો જમાવડો શરૂ થઈ જશે, વાતાવરણમાં પલ્ટો આવતા ૨૨ જુન સુધીમાં રાજયના કોઈ કોઈ ભાગોમાં અચાનક જ અણધાર્યો વરસાદ વરસી શકે છે. વરસાદની સત્તાવાર અને સારી શરૂઆત ૨૩ જુન થી થવાની પુરેપુરી સંભાવના છે. ૨૩ થી ૨૬ જુન વચ્ચે ઘણા વિસ્તારોમાં સારો એવો વરસાદ પડશે, ત્યારબાદ ૨૭ થી ૨૯ જુન દરમિયાન મહારાષ્ટ્ર અને મુંબઈ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જામશે. જે લોકો વરસાદની ખેંચ ની ચિંતા કરી રહ્યા છે તેમના માટે સારા સમાચાર એ છે કે ૨૯ જુન થી લઈને ૭ જુલાઈ સુધીના સમયગાળામાં સૌરાષ્ટ્ર, મુંબઈ અને દક્ષિણ ભારતના ભાગોમાં એક મજબુત વરસાદી સિસ્ટમ બનશે. એકંદરે ૨૨ જુનથી ચોમાસાની ગાડી ફરી પાટા પર ચડી જશે, ભલે આ વરસે અલનીનોનુ સંકટ છે અને સીઝન દરમિયાન વચ્ચે વચ્ચે તેની અસર પણ ચોકકસ થી વર્તાશે, પરંતુ જુલાઈ મહિનામાં આવનારૂ વરસાદનુ મોજુ આખા ચોમાસાને બેઠુ કરી દેશે અને લોકો ને ગરમીમાં થી મોટી રાહત મળશે. હવામાન વિભાગના ડાયરેકટર ડો. એ કે દાસના જણાવ્યા અનુસાર આગામી ૭ દિવસ દરમિયાન રાજયમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શકયતા નથી, છેલ્લા ૨૪ કલાકમાં ભાવનગરમાં સૌથી વધુ ૪૧.૪ તાપમાન નોંધાયુ હતું, અમદાવાદમાં આગામી દિવસોમાં વાદળછાયુ વાતાવરણ રહેવાની શકયતા છે. હવામાન વિભાગે અલગ અલગ વિગતવાર આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરાનગર હવેલીમાં છુટા છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવો થી મધ્યમ ૧૫ થી ૧૭ જુન વચ્ચે વરસાદ પડી શકે છે.

## AMTS ઈલેક્ટ્રિક બસ દુર્દશા મામલે કાર્યવાહી, JBM કંપનીને ૨૫ હજાર રૂપિયાનો દંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ એટલે કે AMTS તંત્રની વધુ એક બેદરકારી સામે આવી છે. લાલ દરવાજા ખાતે આવેલો રૂપાલી કન્સેસન પાસ ડેપો જ્યાં એક સમય બસોની અવરજવર રહેતી હતી ત્યાં હવે ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. ઈલેક્ટ્રીક બસો પાર્કિંગમા પડી હોવાના કારણે ત્યાં અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયો હોવાના દ્રશ્યો સામે આવ્યા હતાં. AMTS પાર્કિંગ વિસ્તારમાં દારૂની બોટલો, નશા માટે વપરાતી સિરપ અને દવાઓની બાટલીઓ મળી આવતા તંત્ર હરકતમાં આવ્યું છે.AMTS ઈલેક્ટ્રિક બસ દુર્દશા મામલે કાર્યવાહી કરવામાં આવી છે.

અમદાવાદ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને ઈલેક્ટ્રીક બસોની દુર્દશા અને દારૂનો અડ્ડો બની ગયેલી કોર્પોરેશનની જગ્યાની મુલાકાત લીધી હતી. તેમણે અધિકારીઓને રોજ ત્યાં રાઉન્ડ લેવાની સૂચના આપી છે. શહેરમાં લોકોની સુવિધા માટે ૩૨૫ જેટલી નવી AC બસનો ઓર્ડર અપાયો હતો. ACની ખામીના કારણે ૫ મહિનાથી બસો ધૂળ ખાઈ રહી છે. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ ઈલેક્ટ્રીક બસ આપનાર JBM કંપનીને ૨૫૦૦૦ રૂપિયાનો દંડ કરાયો છે. જ્યારે ડોક્શન સિક્યુરિટી કંપનીને ૧૦૦૦૦ રૂપિયાનો દંડ ફટાકારાયો છે.

અમદાવાદમાં AMTS પાર્કિંગ વિસ્તારમાં દારૂની બોટલો, નશા માટે વપરાતી સિરપ અને દવાઓની બાટલીઓ મળી આવતા તંત્ર હરકતમાં આવ્યું છે.જનતાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે ખરીદાયેલી નવી ઈલેક્ટ્રિક બસો હાલ ડેપોના મેદાનમાં ઉભી રહી ધૂળ ખાઈ રહી છે. બીજી તરફ સુરક્ષાના અભાવે સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાના પણ બનાવો સામે આવ્યા છે.ડેપોના મેદાનમાં ચારે તરફ દારૂની ખાલી બોટલો અને અન્ય કચરો જોવા મળ્યો હતો.એટલું જ નહીં, અહીં પાર્ક કરાયેલી નવી ઈલેક્ટ્રિક બસના કાચ પણ તોડી નાખવામાં આવ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત
- એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# રેલ સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય : વડોદરા મંડળના બે કર્મચારીઓને પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક દ્વારા સન્માનિત



પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા મુંબઈ સ્થિત મુખ્યાલય ખાતે વિવિધ મંડળોના કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ સુરક્ષા કાર્યો બદલ સન્માનિત કરવામાં આવ્યા. આ કર્મચારીઓએ પોતાની સતર્કતા, ત્વરિત નિર્ણયક્ષમતા અને કર્તવ્યનિષ્ઠા દ્વારા સુરક્ષિત અને અવરોધમુક્ત રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સન્માનિત કર્મચારીઓમાં વડોદરા મંડળના શ્રી રામકિશન મીના, લોકો પાયલટ (ગુડ્સ) તથા શ્રી વિજય પ્રકાશ યાદવ, સહાયક લોકો પાયલટ/વડોદરા પણ સામેલ છે, જેમને રેલવે સુરક્ષાના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ મહાપ્રબંધક સંરક્ષા પુરસ્કાર **(GM Safety Award)** થી સન્માનિત કરવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, શ્રી રામકિશન મીના, લોકો પાયલટ (ગુડ્સ), તા. ૧૮.૦૪.૨૦૨૬ના રોજ **DFCCIL** ખંડમાંથી પસાર થતી **VDLR/BCNE** ટ્રેનના સંચાલન દરમિયાન, ન્યૂ ઉધના સ્ટેશન પરથી પસાર થતાં સમયે સંબંધિત કર્મચારીએ ગતિ સૂચક પર અચાનક ૩૦ કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા દર્શાતી જોઈ. નોંધનીય છે કે આ અંગે અગાઉ કોઈ ચેતવણી આદેશ જારી કરવામાં આવ્યો ન હતો. પરિસ્થિતિની ગંભીરતા તાત્કાલિક સમજી તેમણે અત્યંત સતર્કતા, સૂઝબૂઝ અને તત્પરતા દાખવી કોઈ વિલંબ વિના ટ્રેનની ગતિને સુરક્ષિત રીતે નિર્ધારિત મર્યાદા સુધી નિયંત્રિત કરી લીધી. તેમની આ સમયોચિત અને વિવેકપૂર્ણ કાર્યવાહીના પરિણામે સુરક્ષા નિયમોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત થયું તેમજ કોઈપણ સંભવિત અસુરક્ષિત પરિસ્થિતિને અસરકારક રીતે ટાળી શકાઈ. શ્રી વિજય પ્રકાશ યાદવ, સહાયક લોકો પાયલટ/વડોદરા, તા. ૧૮.૦૪.૨૦૨૬ના રોજ દહેજ ખાતે લોકો નંબર ૩૮૧૯૫ **(ASN)** નો કાર્યભાર સંભાળવા માટે જઈ રહ્યા હતા ત્યારે યાર્ડમાં લોકોમાં પ્રવેશ કરતી વખતે તેમણે પેન્ટોગ્રાફમાં તીવ્ર ચમક (ફ્લેશ) જોઈ. પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં રાખીને તેમણે અત્યંત સતર્કતા અને તત્પરતા દાખવી તરત જ લોકોને રોકી દીધું અને પેન્ટોગ્રાફ નીચે ઉતારી દીધો. સાથે જ તેમણે ઘટનાની જાણ તાત્કાલિક સંબંધિત **TLC/CTO, BRC** ને કરી. ત્યારબાદના સંયુક્ત નિરીક્ષણમાં જાણવા મળ્યું કે આ સમસ્યા **OHE** ના અપૂરતા જાળવણીને કારણે ઊભી થઈ હતી, જેના કારણે સંપર્ક તારમાં ઘસારો/ખામી વિકસિત થઈ હતી

તેમની સમયોચિત સતર્કતા અને ત્વરિત કાર્યવાહીના પરિણામે લોકો અને **OHE** ઉપકરણોને સંભવિત ગંભીર નુકસાનથી સુરક્ષિત રાખી શકાયા તેમજ એક સંભવિત અસુરક્ષિત પરિસ્થિતિને અસરકારક રીતે ટાળી શકાઈ. મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ પુરસ્કાર પ્રાપ્ત કર્મચારીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે તેમની નિષ્ઠા, જાગૃતિ અને કાર્ય પ્રત્યેનું સમર્પણ પશ્ચિમ રેલવેની મજબૂત સુરક્ષા સંસ્કૃતિનું પ્રતીક છે તથા અન્ય કર્મચારીઓ માટે પ્રેરણાસ્રોત સમાન છે. વડોદરા મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે એ પણ શ્રી રામકિશન મીના અને શ્રી વિજય પ્રકાશ યાદવને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા અને તેમના ઉત્કૃષ્ટ સુરક્ષા કાર્યની પ્રશંસા કરી. સાથે જ ભવિષ્યમાં પણ આ જ રીતે સતર્કતાપૂર્વક કાર્ય કરતા રહેવા માટે પ્રોત્સાહિત કર્યા. વડોદરા મંડળને આવા કર્તવ્યનિષ્ઠ અને સતર્ક કર્મચારીઓ પર ગર્વ છે, જે પડકારજનક પરિસ્થિતિઓમાં પણ ત્વરિત અને વિવેકપૂર્ણ નિર્ણયો લઈને રેલ સંચાલનની સુરક્ષા સુનિશ્ચિત કરે છે તેમજ મુસાફરો, રેલવે સંપત્તિ અને રેલ પરિવહનની સુરક્ષામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

# મહાપ્રબંધક પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ સ્ટેશન પુનર્વિકાસ તથા અમદાવાદ–વડનગર રેલખંડનું સંરક્ષા નિરીક્ષણ



પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા આજે ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી તેમજ અમદાવાદ–વડનગર રેલખંડનું વ્યાપક સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમિયાન તેમણે રેલવે નેટવર્કના આધુનિકીકરણ, આધારભૂત સંરચના ના વિકાસ તથા યાત્રી સુરક્ષાથી સંબંધિત વિવિધ પાસાઓની સમીક્ષા કરી.

મહાપ્રબંધકે અમદાવાદ સ્ટેશન પર નિર્માણાધીન સાઉથ બ્લોકની મુલાકાત લઈ કાર્ય પ્રગતિનું નિરીક્ષણ કર્યું. તેમણે પ્લેટફોર્મ સંખ્યા ૯ અને ૧૦ ઉપરાંત બુલેટ ટ્રેન સ્ટેશનની નીચે નિર્માણાધીન પ્લેટફોર્મ નં. ૧૧ અને ૧૨ના કાર્યોનું પણ અવલોકન કર્યું.

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ(**DRM**) શ્રી વેદ પ્રકાશે મહાપ્રબંધક શ્રી પાંડેને અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યો, યાત્રી સુવિધાઓના આધુનિકીકરણ તથા આધારભૂત સંરચના ના અમલીકરણ અંગે વિસ્તૃત માહિતી આપી. મુખ્ય પરિયોજના પ્રબંધક **(RLDA)** શ્રી સંજીવ કુમારે સ્ટેશન પુનર્વિકાસ પ્રોજેક્ટના માસ્ટર પ્લાન, વિવિધ તબક્કાઓમાં ચાલી રહેલા નિર્માણ કાર્યો તથા વર્તમાન પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી. તેમણે પ્રોજેક્ટ અંતર્ગત પ્રસ્તાવિત મુસાફર સુવિધાઓ, સ્ટેશન ભવન, મલ્ટી-મોડલ કનેક્ટિવિટી તથા અન્ય આધારભૂત વિકાસ કાર્યો અંગે પણ માહિતી આપી. મહાપ્રબંધકે કાર્યોની ગુણવત્તા અને સમયબદ્ધ અમલીકરણ સુનિશ્ચિત કરવા સૂચના આપતાં અધિકારીઓને પ્રોજેક્ટને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જરૂરી સમન્વય જાળવી રાખવા પર ભાર મૂક્યો.

ત્યારબાદ શ્રી પાંડે દ્વારા અમદાવાદ–વડનગર રેલખંડનું વિન્ડો ટ્રેલિંગ સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, પોઈન્ટ્સ અને ક્રોસિંગ્સ સહિત વિવિધ આધારભૂત સંરચનાઓનું વિસ્તૃત અવલોકન કર્યું.

તેમણે રેલ માર્ગની સ્થિતિ, કામગીરીની કાર્યક્ષમતા તથા સંરક્ષા ધોરણોનું મૂલ્યાંકન કરતાં સંબંધિત અધિકારીઓને સંરક્ષા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે જરૂરી સૂચનાઓ આપી.

વડનગર રેલવે સ્ટેશન ખાતે મહાપ્રબંધકે યાત્રી સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરી. તેમણે સ્ટેશનના રિલે રૂમ, રૂટ રિલે ઈન્ટરલોકિંગ **(RRI)**, માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ તથા કૅફેટેરિયાનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું.

પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા મહાપ્રબંધકે વડનગર સ્ટેશન પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું. વડનગર રેલવે સ્ટેશન ખાતે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે "એક વૃક્ષ માંના નામે" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્ટેશન પરિસરમાં ૭૫ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું અને આજે વધુ ૩ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

આ નિરીક્ષણ દરમિયાન અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (ડી આર એમ) શ્રી વેદ પ્રકાશ, રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી **(RLDA)**ના મુખ્ય પરિયોજના પ્રબંધક શ્રી સંજીવ કુમાર સહિત મુખ્યાલય તથા મંડળના અન્ય વરિષ્ઠ રેલવે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અને ડીઆરએમે અમદાવાદના ગુજરાતના મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવ સાથે બેઠક યોજી



પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે અને અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા રાજ્યના મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસ સાથે આજે તા. ૧૬.૦૬.૨૦૨૬ના રોજ શિષ્ટાચાર મુલાકાત અને સમીક્ષા બેઠક યોજી હતી. બેઠક દરમિયાન રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ, યાત્રી સુવિધાઓના વિસ્તાર, વિવિધ રેલવે પ્રોજેક્ટોની પ્રગતિ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેના સંકલન સાથે જોડાયેલા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ રેલવે પ્રોજેક્ટોના સમયબદ્ધ અમલીકરણ તથા જનહિતના કાર્યોને વધુ ગતિ આપવા માટે પરસ્પર સંકલન મજબૂત રાખવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે અમદાવાદ, સાબરમતી સહિતના અમૃત ભારત સ્ટેશનોના પુનર્વિકાસ કાર્યોની પ્રગતિ તેમજ વિવિધ સંકલન સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેએ ગુજરાતમાં પશ્ચિમ રેલવે દ્વારા હાથ ધરવામાં આવી રહેલા મુખ્ય વિકાસ કાર્યો અંગે માહિતી આપી હતી તથા ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે અમદાવાદ મંડળમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટો અને મુસાફર સુવિધાઓના આધુનિકીકરણ તથા ઉન્નયન સંબંધિત પહેલોની માહિતી આપી હતી. બેઠક સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી અને રાજ્યમાં સુરક્ષિત, આધુનિક તથા વિશ્વસ્તરીય રેલ સેવાઓના વિકાસ માટે પરસ્પર સહયોગ અને સંકલન જાળવી રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# રાજ્યના ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૮-૮ વરસથી ચુકાદા આવતા નથી: તારીખ પે તારીખ

પ્રતિનિધિ,ગાંધીનગર




સરકાર દ્વારા પ્રજાના હિત માટે ગ્રાહકોને તુરંત ન્યાય મળે તે હેતુથી જાગો ગ્રાહક જાગો નુ કેમ્પેઈન ચલાવી ખુબ જ તેમાં સારો પ્રતિસાદ મળતો રહ્યો અને ગ્રાહકો પણ જાગૃત બનવા લાગ્યા અને અન્યાય સામે લડાઈ માટે ગ્રાહક તકરાર નિવારણમાં લોકો જવા લાગ્યા અને ન્યાય પણ મળવા લાગ્યો છે.

પરંતુ રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ફરીયાદી હાલ વધારે પરેશાન થાય છે, ૮-૮ વરસ સુધી ચુકાદા આવતા નથી અને હવે તો તારીખો પણ ૬-૬ મહિનાની મુદત આપવામાં આવે છે. સરકારની યોજના જાગો ગ્રાહક જાગો, પ્રજાના હિતમાં બનાવવામાં આવેલ પણ અત્યારના સંજોગોમાં આ યોજના નિષ્ફળ જતી હોય તેવુ દેખાય છે. ગુજરાતની ઘણી બધી ગ્રાહક અદાલતો પણ બંધ છે. સમગ્ર ગુજરાતમાં એક રાજકોટ ગ્રાહક તકરાર નિવારણ કમિશનના ન્યાયમૂર્તિ પાસે ૫-૫ જિલ્લાનો ચાર્જ હોવા છતાં પણ વ્યવસ્થિત ચુકાદાઓ અને સમયસર કેસ ચાલે છે. પરંતુ ગ્રાહકને અસંતોષ થાય અને સ્ટેટ કમિશનમાં જાય ત્યારે રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં જાય છે. ત્યાં ન્યાય મળતા ૮-૮ વરસ થઈ જાય તો પણ ચુકાદો આવતો નથી અને ૬-૬ મહિનાની મુદત આપવામાં આવે છે. જો ખરેખર સરકારની યોજના જાગો ગ્રાહક જાગો, યોજના સફળ બનાવવી હોય તો સ્ટાફની ભરતી કરવી અતિ જરૂરી છે. એક ન્યાયમૂર્તિ પાસે ૫-૫ જિલ્લાનો ચાર્જ હોય તેની જગ્યાએ દરેક જિલ્લાના સ્વતંત્ર ન્યાયમૂર્તિ હોય તો આ સરકારની યોજના જાગો ગ્રાહક જોગો, યોજનાનો લાભ લોકોને મળી રહે, આ બાબતે મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજી મહેતાએ વડાપ્રધાનને રજુઆત કરી છે.

# ગાંધીનગરમાં આચાર્યના પુત્રએ હોસ્ટેલના વિદ્યાર્થી પાસે કરાવ્યુ કુકર્મ : પગ નીચેથી ધરતી સરકી જાય તેવી ઘટના

પ્રતિનિધિ,ગાંધીનગર




ગાંધીનગરના શિક્ષણ જગતમાં એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના બહાર આવી છે. ગાંધીનગર શહેરના સેકટર ૨૫ વિસ્તારમાં આવેલી સ્કુલના આચાર્યના પુત્રએ ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને પોતાની હવસનો શિકાર બનાવ્યો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ ગંભીર ઘટનાને પગલે સમગ્ર શિક્ષણ સંકુલમાં રોષ ફેલાઈ ગયો છે.

મળેલા અહેવાલ અનુસાર શાળાના આચાર્યના પુત્ર જ રાજ પટેલ દ્વારા આ કુકર્મ કરવામાં આવ્યુ છે. આક્ષેપ છે કે આરોપીએ શાળાની હોસ્ટેલ માં રહેતા એક સગીર વિદ્યાર્થીને ડરાવી ધમકાવીને તેની સાથે અકુદરતી કૃત્ય કર્યુ હોવાનુ બહાર આવ્યુ છે. એટલુ જ નહી આરોપીએ આ ધૃણાસ્પદ ઘટનાનો વિડીયો પણ બનાવ્યો હતો. જે હાલ સોશીયલ મીડીયા પર વાયરલ થઈ રહ્યો છે. વિડીયો વાયરલ થતા જ સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. આ ઘટનાની જાણ થતા જ ભોગ બનનાર વિદ્યાર્થીના પરીવારે તાત્કાલીક સેકટર ૨૧ પોલીસ સ્ટેશન નો સંપર્ક કર્યો હતો. પોલીસે ગંભીરતા દાખવીને તાત્કાલીક અસરથી આરોપી રાજ પટેલ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આરોપી વિરૂધ્ધ પોકસો એકટ અને એટ્રોસીટી એકટ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

ઘટનાની ગંભીરતાને જોતા ગાંધીનગર પોલીસ દ્વારા તપાસના ચક્રો તેજ કરી દેવામાં આવ્યા છે. હાલ આ કેસમાં આરોપી રાજ પટેલ ફરાર હોવાનુ જાણવા મળ્યુ છે. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે સઘન શોધખોળ શરૂ કરી છે. વિદ્યાર્થીઓની સુરક્ષાના દાવા કરતી શાળામાં જ આ પ્રકારની ઘટના બનતા વાલીઓમાં પણ ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ પોલીસ સમગ્ર મામલે ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે કે આ કૃત્યમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ ?

# ભાવનગર રેલવે મંડળમાં યોજાયેલી ૬૯મી પેન્શન અદાલતમાં પેન્શન સંબંધિત ૩૩ કેસોનું નિરાકરણ



પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ ખાતે તા. ૧૫ જૂન, ૨૦૨૬ (સોમવાર)ના રોજ મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માની પ્રેરણાથી અને અપર મંડલ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્માના અધ્યક્ષસ્થામાં "૬૯મી પેન્શન અદાલત"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પેન્શન અદાલતમાં મંડળના નિવૃત્ત કર્મચારીઓની પેન્શન સંબંધિત વિવિધ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું.

પેન્શન પેમેન્ટ ઓર્ડર **(PPO)**, ફિક્સ્ડ મેડિકલ એલાઉન્સ, કુટુંબ પેન્શન, **PPO**માં સરનામું બદલવાની પ્રક્રિયા સહિત પેન્શન સંબંધિત બ્રોડગેજ વર્કશોપના ૪ કેસો અને મંડળ કચેરીના ૨૯ કેસો એમ કુલ ૩૩ કેસોનું તાત્કાલિક અને સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવ્યું. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પેન્શન અદાલતને સફળ બનાવવા માટે કાર્મિક વિભાગ, નાણાં વિભાગ, નિપટારા શાખા તથા વેલ્ફેર ઈન્સ્પેક્ટરોની ટીમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેમના સંકલિત પ્રયત્નોથી તમામ કેસોનું સમયબદ્ધ નિરાકરણ શક્ય બન્યું.

પેન્શન સંબંધિત મુદ્દાઓના ઝડપી નિરાકરણ અને ત્વરિત કાર્યવાહી માટે **All India Railway Pensioners Association** તથા **All India Railway Pensioners Welfare Federation** દ્વારા રેલવે પ્રશાસનના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી અને આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી હુબલાલ જગન (વરિષ્ઠ મંડલ કાર્મિક અધિકારી), શ્રી હરિશ જનસારી (મંડલ વિત્ત પ્રબંધક), શ્રી સંતોષ કુમાર વર્મા (સહાયક કાર્મિક અધિકારી), શ્રી જગદીશ પ્રસાદ (વરિષ્ઠ કાર્મિક અધિકારી – બ્રોડગેજ વર્કશોપ) તથા શ્રી સંજય સક્સેના (સહાયક મંડલ વિત્ત પ્રબંધક) સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાવ-થરાદ માં મંત્રી ઋષીકેશ પટેલનો હુંકાર: કાર્યકર્તાઓને પાઘડીની લાજ રાખવા હાકલ કરાઈ: ૨૦૨૭ દુર નથી કહીને ફુંકયુ ચુંટણીનુ રણશીંગું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના વાવ અને થરાદ પંથકમાં રાજયના કેબિનેટ મંત્રી અને જિલ્લા પ્રભારી ઋષીકેશ પટેલે એક મોટુ નિવેદન આપીને રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ચુંટણી પહેલા ભાજપના ભવ્ય શકિત પ્રદર્શન વચ્ચે તેમણે કાર્યકર્તાઓને સીધી લાલબત્તી ધરી દીધી છે. ઋષીકેશ પટેલે આગામી સમય માટે રણનીતી સ્પષ્ટ કરતા જણાવ્યુ હતુ કે આ પંથકની બેઠકો પર ભાજપનો ભગવો લહેરાવવા માટે અત્યાર થી જ કમરકસી લેવી પડશે. કારણ કે વર્ષ ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી હવે બહુ દુર નથી, કાર્યક્રમ દરમિયાન મંત્રી ઋષીકેશ પટેલે કાર્યકર્તાઓ અને સ્થાનિક આગેવાનોને સંબોધતા એક ભાવુક અને રાજકીય અપીલ કરતા તેમણે જણાવ્યુ હતુ કે હું વાવ અને થરાદ જિલ્લાનો પ્રભારી છું અને આ પાઘડી તમે જ મને પહેરાવી છે. મને તમારા પર સંપૂર્ણ વિશ્વાસ છે કે વર્ષ ૨૦૨૭ ની ચુંટણીમાં તમે આ પાઘડીની લાજ રાખશો, મંત્રીના આ નિવેદનને વાવ અને થરાદ બેઠકો પર ભાજપનો મોટો હુંકાર માનવામાં આવી રહ્યો છે. પોતાના સંબોધનમાં મંત્રીએ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતીઓની પણ પ્રશંસા કરી હતી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે દેશનો એકપણ રૂપીયો બહાર ન જાય તેની ચિંતા ખુદ વડાપ્રધાન કરી રહ્યા છે અને દેશને આત્મનિર્ભર બનાવી રહ્યા છે. આ વિકાસ કાર્યોને જન જન સુધી પહોચાડીને સંગઠનને વધુ મજબુત કરવા તેમણે કાર્યકર્તાઓને આહવાન કર્યુ હતું. ચુંટણી પહેલા ભાજપનુ આ શકિત પ્રદર્શન વિપક્ષ માટે પણ એક મોટો સંકેત માનવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકીય નિષ્ણાંતો કહી રહ્યા છે કે આગામી વિધાનસભાની ચુંટણીઓ ગુજરાતમાં વહેલી આવી શકે છે. મંત્રી ઋષીકેશ પટેલનો હુંકાર નજીકમાં આવનારી વિધાનસભાની ચુંટણીઓનો સંકેત આપી જાય છે.


**પશ્ચિમ રેલ્વે**

**શુધ્ધિપત્ર**

DY. CE (બ્રિજ-લાઇન)-દાદર, પશ્ચિમ રેલ્વેના દ્વારા ઇ-ટેન્ડર આમંત્રણ સૂચના નં. DYCE-BR-DDR-2026-03, તારીખ: 15.06.2026 માટે . કામનું નામ: 25 ટન એક્સલ લોડિંગ સ્ટાન્ડર્ડ સ્ટીલ ગર્ડર સાથે BCT ડિવિઝનના SSE(Br.) BL ના અધિકારક્ષેત્રમાં SAH-ST વિભાગમાં બ્રિજ નં. 163 UP/DN (3X18.3m), 192 UP (2x18.30M) અને 442. UP/DN (1x14.40M+3x18.30M) ના હાલના BGML સ્ટાન્ડર્ડ સ્ટીલ ગર્ડર 18.30 નું રિગર્ડરિંગ. કામની અંદાજિત કિંમત: ₹ 4,42,97,372.07/- EMD: ₹ 8,86,000/-. વેબ સાઈડ વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટેની સૂચના વગેરે: વેબસાઇટ @ www.ireps.gov.in Dy. CEE (Br), પશ્ચિમ રેલ્વે. 0267

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

**RGM સાઇડિંગ અને જાળવણી કાર્યો પૂરા પાડવા**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/67 તા. 12/06/2026 ને આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાન: (1) વિરાર - સુરતના સંદર્ભમાં બિલીમોરા, સચિન, ભેસ્તાન અને સુરત ખાતે RGM સાઇડિંગ અને સંલગ્ન સુવિધાઓ પૂરી પાડવી. ગોલવાડ,બિલીમોરા, સચિન, ભેસ્તાન અને સુરત ખાતે RGM સાઇડિંગ સુવિધાઓ પૂરી પાડવી. અને (2) જોરાવાસન - સુરત વિભાગ: DEN/સેન્ટ્રલના અધિકારક્ષેત્રમાં બે વર્ષ માટે RAG દ્વારા કાટમાળ, ઘાસ, વગેરે દૂર કરવા. (ઇલેક્ટ્રિકલ ભાગ સહિત સંયુક્ત ટેન્ડર). અંદાજિત કામની કિંમત: ₹13,03,60,046.70/- EMD: ₹ 26,07,200/-. સબમિશનની તારીખ અને સમય: તા.10.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.10.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0252

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન,
પશ્ચિમ રેલ્વે ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008

કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન

| હરાજી કેટલોગ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-26-20 | 02-07-26 15:00:00 |

| ક્રમ. નં. | લોટ નં. | સ્થાન/વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-BCT-BYR-OH-482-26-3 (જાહેરાત-ઘરની બહાર) | ભાયંદર રોડ ઓવર બ્રિજ પર 5 વર્ષના સમયગાળા માટે 20' X 18' (પાછળ પાછળ) કદના નવા હોર્ડિંગ સ્ટ્રક્ચરનું નિર્માણ કરીને જાહેરાતના પ્રદર્શન માટે બલ્ક જાહેરાત અધિકારો, કુલ 720 ચોરસ ફૂટ વિસ્તાર. | 1826 | 02-07-26 15:30:00 |

સંપર્ક વિગતો:- લેન્ડલાઇન નંબર:-02267644212, ઇમેઇલ આઈડી:- acmadvtgbct@gmail.com
નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે.
લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0253

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

## ધારાસભ્યએ બળાપો કાઢી કહ્યું જિલ્લા પંચાયતો દ્વારા થનારી એનએચએમ ની ભરતીની સત્તા આરોગ્ય મંત્રીએ લઈ ભરતી પર રોક લગાડી ભ્રષ્ટાચારને આપ્યું આમંત્રણ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના આરોગ્ય વિભાગના તાંબા હેઠળના નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) દ્વારા રાજયની વિવિધ જિલ્લા પંચાયતો હસ્તક વિવિધ કેડરોની જગ્યાઓ જિલ્લા પંચાયતો દ્વારા ભરવામાં આવતી હોય છે. આ પરંપરા વરસોથી ચાલી રહી છે. ખુદ ભાજપના જ ધારાસભ્યોએ બળાપો કાઢી કહ્યુ હતુ કે આરોગ્ય મંત્રી હિટલરશાહી શાસન ચલાવવા માંગતા હોય તેમ જે જગ્યાઓ જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) દ્વારા ભરવામાં આવતી હોય છે. તે જગ્યાઓ ભરવાની સત્તા આરોગ્ય મંત્રી દ્વારા લઈ લેવામાં આવતા રાજયની કેટલીક જિલ્લા પંચાયતોના આરોગ્ય વિભાગમાં કેટલીક કેડરોની ખાલી જગ્યાઓ હોવાને કારણે પ્રજાને ગામડાઓમાં ભુતિયા ડોકટરોનો સહારો લેવો પડતો હોય છે.

ધારાસભ્યો એવુ પણ કહી રહ્યા છે કે વરસોથી જિલ્લા પંચાયત હસ્તકની જગ્યાઓ જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા ભરવામાં આવતી હોય છે. તે જગ્યાઓ રદ કરવા પાછળનુ કારણ શું ? શું આરોગ્ય મંત્રી પાછલા દરવાજે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન તો આપી રહ્યા નથી ને? ગરીબ-અભણ ભોળી પ્રજાને સરકારી હોસ્પિટલોમાં સસ્તી સારવાર મળી રહે તે આરોગ્ય મંત્રી ને શું પોષાતુ નથી ?

## વરસાદી તોફાન કે અન્ય રીતે વાહન પર ઝાડ પડવાથી ઈજા થાય તો વળતર માટે વીમા કંપની કે SMCની જવાબદારી નથી:- સુપ્રિમ કોર્ટ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશની સર્વોચ્ચ અદાલતે અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે ચોમાસા દરમ્યાન વાહન પર વૃક્ષ પડવાની ઘટનાને "યુઝ ઓફ મોટર વ્હીકલ" અંતર્ગત થતાં અકસ્માતમાં ન ગણી શકાય અને એના હેઠળ મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ ૧૬૬ હેઠળ વળતર પણ ન માંગી શકાય. જોકે સુપ્રીમ કોર્ટે એના વિશેષાધિકારનો ઉપયોગ કરીને આવી ઘટનાનો ભોગ બનનારા પીડિતને ૧૭.૧૦ લાખ રૂપિયાના વળતરને વધારીને ૨૫ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો. સને ૨૦૦૭ માં બનેલી ઘટનામાં કે. કે. ઉમેશકુમાર ઓટોરિક્ષામાં બેંગ્લોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમથી કવીન્સ રોડ જઈ રહ્યો હતો ત્યારે ઓટોરિક્ષા પર ઝાડ તૂટી પડયુ હતું. અને એમાં તે ઈજા પામ્યો હતો. કર્ણાટક હાઈકોર્ટે આ ઘટનાની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનને, ઈન્સ્યોરન્સ કંપની અને કર્ણાટક સરકારના સંબંધિત વિભાગને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જોકે સુપ્રીમ કોર્ટે ત્રણેય સંસ્થા જવાબદાર ન હોવાનું કહીને આ ઘટનાને "એક્ટ ઓફ ગોડ" એટલેકે કુદરતી આફત ગણાવી હતી.

જોકે ઘટનાની ગંભીરતા ને ધ્યાનમાં લઈને પીડિતને વધુ વળતર આપવાનો આદેશ પણ આપ્યો હતો.

## અમદાવાદમાં દુષિત પાણીનો આતંક : એક જ અઠવાડીયામાં ૮૦૦થી વધુ ફરીયાદો: ઝાડા ઉલટી અને ટાઈફોઈડના કેસોમાં વધારો



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં ચોમાસાની શરૂઆતની સાથે જ દુષિત પાણીની ફરીયાદોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. શહેરના વિવિધ વિસ્તારો, ખાસ કરીને પૂર્વ ઝોનમાંથી ગંદા અને પ્રદુષિત પાણીની વ્યાપક બુમરોળ ઉઠી રહી છે. માત્ર એક અઠવાડીયાના ટુંકા ગાળામાં જ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનને પાણીને લગતી ૮૦૦ થી વધુ ફરીયાદો મળી છે. જેના કારણે સ્થાનિક રહીશોમાં રોગચાળો ફાટી નિકળવાનો ગંભીર ભય સતાવી રહ્યો છે. દુષિત પાણીના કારણે શહેરમાં પાણીજન્ય રોગો ના કેસોમાં અચાનક ઉછાળો આવ્યો છે. માત્ર જુન મહિનાના શરૂઆતના દિવસોમાં જ ઝાડા ઉલટી ના ૪૦૦ જેટલા કેસ સરકારી ચોપડે નોંધાઈ ચુકયા છે. આ સિવાય ઝેરી તાવ એટલે કે ટાઈફોઈડના ૮૮ કેસ અને કમળાના ૩૩ કેસ સામે આવતા આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે એકશન મોડમાં આવી ગયુ છે. ખાનગી હોસ્પિટલો અને કિલનીકોમાં પણ આવા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. આરોગ્ય અને શાસન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ચાલુ મહિના દરમિયાન વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવેલા પાણીના નમુનાઓમાંથી ૩૦ સેમ્પલ ટેસ્ટીંગમાં અનફીટ એટલે કે પીવા અયોગ્ય જાહેર થયા છે.

આ ગંભીર પરિસ્થિતિને જોતા અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પાણીની ગુણવત્તા ચકાસણીની કામગીરી અત્યંત તેજ કરી દેવામાં આવી છે અને કલોરીનેશન તેમજ લીકેજ શોધવાની કડક કાર્યવાહી શરૂ કરાઈ છે.

## ગુજરાતના ખેડૂતોની ટ્રેક્ટર-રેલીની ગાંધીનગર તરફ કૂચ થતાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતના અનેક સ્થળોએથી ખેડૂતોએ ટ્રેકટર રેલી યોજી ગાંધીનગર તરફ કૂચ કરતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. આ રેલીમાં મહિલા ખેડૂતો પણ ઉમટી પડતા વાતાવરણમાં ખેડૂતોનો આક્રોષ સરકાર સામે સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો. ગુજરાતના અનેક જિલ્લાઓમાં ખેડૂતોના ખેતરોમાં વીજપોલ નાખવામાં આવતા અને એનું પૂરતું વળતર નહીં મળતું હોવાના કારણે ખેડૂતોમાં રોષ ફેલાયો છે. આ મુદ્દા સહિત ખેડૂતોના કેટલાક પ્રશ્નોને લઈને ગઈકાલે વિરોધ કરવા ગુજરાતના અનેક સ્થળોએથી ખેડૂતોએ ટ્રેક્ટર-રેલી યોજી ગાંધીનગર તરફ કૂચ કરી હતી. રેલીની મંજૂરી મળી ન હોવાથી અમદાવાદ રિંગરોડ પર જડબેસલાક પોલીસ બંદોબસ્તે ખેડૂતોની રેલી અટકાવી હતી. જેના પગલે થોડા સમય માટે પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. રેલીને અટકાવાતા ખેડૂતો ગાંધીનગર સુધી રજૂઆત કરવા જઈ શક્યા નહોતા. આ રેલીની ખાસવાત એ હતી કે ટ્રેક્ટર રેલીમાં મહિલા ખેડૂતો પણ જોડાઈ હતી અને ખેડૂતોના ન્યાયની માંગણી કરી હતી. કિસાન સંઘર્ષ સમિતિ, કિસાન કોંગ્રેસ સહિતના વિવિધ ખેડૂત સંગઠનો એ ખેડૂતોની ટ્રેક્ટર રેલી યોજી હતી. જેમાં ખેડૂતો ઉપરાંત ગુજરાત કોંગ્રેસના આગેવાનો પણ જોડાયા હતા. આ રેલીમાં સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો તેમના ટ્રેક્ટર લઈને પોતાના પ્રશ્નોને વાચા આપવા માટે રેલીમાં ઉમટ્યા હતા.

### રાજય સરકારની તીજોરીને મોટુ આર્થિક નુકશાન: એકશનનો વિગતવાર અહેવાલ સબમીટ કરવા સરકારને આદેશ

## ઓલા, ઉબર અને રેપીડોના ગેરકાયદેસર કોમર્શીયલ ઉપયોગ મુદ્દે હાઈકોર્ટનુ કડક વલણ: એક અઠવાડીયામાં કોર્ટે સરકાર પાસે માંગ્યો જવાબ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ઓલા, ઉબર અને રેપીડો જેવી એપ આધારીત વાહન સેવાઓનો ઉપયોગ કરનારા અને આપનારાઓ માટે એક ખુબ જ મહત્વના સમાચાર પ્રાપ્ત થયા છે. અમદાવાદમાં આવી ખાનગી એપ આધારીત સેવાઓ દ્વારા થતા વાહનોનુ કોમર્શીયલ ઉપયોગ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે અત્યંત કડક વલણ અખત્યાર કર્યુ છે. હાઈકોર્ટે આ મામલે રાજય સરકારને આડે હાથ લેતા આકરી ટકોર કરી છે અને પુછ્યું છે કે આ પ્રકારના નિયમ વિરૂધ્ધના ઓપરેશન્સ સામે સરકારે અત્યાર સુધી શું પગલા લીધા છે ? કોર્ટમાં સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે યોગ્ય પરમીટ કે કાનુની માળખા વગર ખાનગી વાહનોનો જે રીતે કોમર્શીયલ એટલે કે વેપારી હેતુ માટે ઉપયોગ થઈ રહ્યો છે, તેનાથી રાજય સરકારની તીજોરીને મોટુ આર્થિક નુકશાન થઈ રહ્યુ છે. આ ઉપરાંત ટેક્ષ ભરીને કાયદેસર ધંધો કરતા સામાન્ય રીક્ષા અને ટેક્ષી ચાલકોના રોજગાર પર પણ તેની સીધી માઠી અસર પડી રહી છે. હાઈકોર્ટે આ સમગ્ર ગેરકાયદે પ્રવૃત્તિ અને તેના પર નિયંત્રણ લાવવા અંગે અત્યાર સુધી લેવાયેલા એકશનનો વિગતવાર અહેવાલ સબમીટ કરવા સરકારને આદેશ આપ્યો છે. કોર્ટે સરકારને માત્ર એક અઠવાડીયાનો સમય આપતા કડક સુચના આપી છે કે આ મામલે સરકાર પોતાનો સત્તાવાર જવાબ રજુ કરે, હાઈકોર્ટના આ આકરા વલણ બાદ રાજયના પરીવહન વિભાગ અને સરકારી વર્તુળોમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ આદેશ આપ્યા બાદ હવે ગુજરાતમાં નવી વાહન પરીવહન નીતી અને નિયમોને વધુ કડક બનાવવા પર ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. આગામી દિવસોમાં ગેરકાયદેસર રીતે દોડતા બાઈક ટેક્ષી અને પ્રાઈવેટ નંબર પ્લેટવાળા વાહનો સામે મોટુ ચેકીંગ અભિયાન શરૂ થાય તેવી પુરેપુરી શકયતાઓ સેવાઈ રહી છે.

## રબારી કોલોની ચાર રસ્તા નજીક પૂરપાટ ઝડપે જતી કાર BRTSની રેલિંગ તોડી ટ્રેકમાં ઘૂસી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગત મોડી રાત્રે રબારી કોલોની ચાર રસ્તા નજીક પૂરપાટ ઝડપે આવી રહેલા કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો.

કાર કાબુમાં ના આવતા તે સીધી જ રોડની વચ્ચે આવેલા BRTS રૂટની લોખંડની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. સ્પીડ એટલી વધારે હતી કે કાર રેલિંગ તોડીને ટ્રેકની અંદર ઘૂસી ગઈ હતી, જેના પરિણામે વાહનનો આગળનો ભાગ કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ અકસ્માત રાતના સમયે સર્જાયો હતો. સદનસીબે તે સમયે BRTS બસો બંધ હોવાથી ટ્રેકમાં અન્ય કોઈ વાહન પસાર થઈ રહ્યું ન હતું, જેથી એક મોટી દુર્ઘટના થતાં અટકી હતી.

અકસ્માત વખતે થયેલા ધડાકાનો અવાજ સાંભળીને આજુબાજુના સ્થાનિકો અને રસ્તે જતા અન્ય વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા. કારના આગળના ભાગના ભુક્કા થયા છતાં પણ ચાલક સુરક્ષિત રીતે બહાર આવી જતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

આ બનાવની જાણ થતાની સાથે જ ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ટ્રાફિક જામ ના થાય તે માટે પોલીસે સૌપ્રથમ ક્રેન બોલાવીને ક્ષતિગ્રસ્ત કારને ટ્રેકમાંથી બહાર કાઢી પોલીસ સ્ટેશને મોકલી આપી હતી અને વાહનવ્યવહાર રાબેતા મુજબ કરાવ્યો હતો. હાલમાં પોલીસે સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડવા તેમજ ગફલતભરી રીતે વાહન ચલાવવાના મામલે ગુનો દાખલ કર્યો છે. વધુમાં, અકસ્માત કેવી રીતે સર્જાયો તે જાણવા માટે પોલીસે આસપાસના CCTV ફૂટેજ મેળવીને ચાલકની પૂછપરછ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આ અંગે હજુ સુધી પોલીસે ફરિયાદ નોંધી નથી. પોલીસે જણાવ્યા મુજબ, BRTS દ્વારા ચર્ચા કરીને આ અંગે ફરિયાદ નોંધવામાં આવશે અને આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી કારચાલકને સામાન્ય ઈજા થઈ છે.


